**BRAMPTON** **Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રેમ્પટન રિસિવ્સ વર્લ્ડ કાઉન્સિલ ઓન ડેટા પ્લેટિનમ-લેવલ ISO ડેટા સર્ટિફિકેશન (સીટી ઓફ બ્રેમ્પટનને વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટાનું પ્લેટિનમ-કક્ષાનું ISO ડેટા સર્ટિફિકેશન મળ્યું)

*આપણું સીટી કામગીરી સંચાલનને સમર્પિત વૈશ્વિક-કક્ષાના શહેરોના ગ્લોબલ નેટવર્કમાં જોડાય છે*

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 17, 2021) – આજે, વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા (WCCD) દ્વારા ઘોષણા કરવામાં આવી કે સીટી ઓફ બ્રેમ્પટનને ISO 37120 પ્લેટિનમ-કક્ષાનું સર્ટિફિકેશન મળ્યું છે, જે અસરકારક રીતે નિર્ણયો લેવા ડેટા (માહિતી) એકત્રીકરણ, વહેંચણી, અને ઉપયોગમાં લેવામાં ઉચ્ચતમ પ્રમાણ દર્શાવે છે.

માનનીય કૅથેરિન મૅકેન્ના (Catherine McKenna), મિનિસ્ટર ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ કમ્યુનિટીસ વતી પ્રદેશના MPs, અને સીટી કાઉન્સિલના સભ્યો સાથે જોડાઈને, WCCD દ્વારા 35 દેશોમાં 100 ઉપરાંત શહેરોમાં ફેલાયેલા પોતાના ગ્લોબલ નેટવર્કમાં WCCD ISO 37120 પ્લેટિનમ-કક્ષાનું સર્ટિફિકેશન મેળવનાર આપણાં સીટીને આવકારવામાં આવ્યું છે. સીટીએ ગવર્મેન્ટ ઓફ કેનેડા દ્વારા સમર્થિત ડેટા ફોર કેનેડિયન સીટીસ પ્રોજેક્ટ (DCCP) નાં ભાગરૂપે WCCD નાં ISO 37120 પ્રમાણમાંના 104 માંથી 90 ઉપરાંત સૂચકાંકો (ઈન્ડિકેટર્સ) નોંધાવ્યા હતા.

WCCD ગ્લોબલ નેટવર્કના સભ્ય તરીકે, સીટી સેવાઓ અને રહેવાસીઓના જીવનની ગુણવત્તા સુધારવા દુનિયાભરના અન્ય ડેટાથી ચલિત શહેરોની સામે પોતાના સ્થાનિક અનુભવો અને બેંચમાર્ક (આધાર-ચિહ્ન) માહિતી વહેંચશે. બ્રેમ્પટન પોતાના WCCD ગ્લોબલ નેટવર્ક ભાગીદારોની સાથે, એક સ્માર્ટ, કાયમી, સ્થિતિસ્થાપક, સમૃદ્ધ અને સર્વગ્રાહી સમુદાય બનાવવાનું ચાલુ રાખવા સામાજિક, આર્થિક અને પર્યાવરણલક્ષી સૂચકાંકો માપશે.

વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા (WCCD) અને સર્ટિફિકેશન વિશે વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ, www.dataforcities.org.

## ડેટા ફોર કેનેડિયન સીટીસ પ્રોજેક્ટ વિશે

સમગ્ર કેનેડાના શહેરી આગેવાનોને ઉચ્ચ-માત્રાના, સરખામણી યોગ્ય, અને સ્વતંત્ર રીતે ચકાસેલા મ્યુનિસિપલ ડેટા વડે સજ્જ કરીને, ડેટા ફોર કેનેડિયન સીટીસ પ્રોજેક્ટ એક પરિવર્તનશીલ, ત્રણ-વર્ષીય, સમગ્ર કેનેડાને આવરી લેતો પ્રોજેક્ટ છે જે હાલમાં દેશભરની પંદર જેટલી ડેટાથી ચલિત મ્યુનિસિપાલિટીસમાં ચાલી રહ્યો છે. ફેડરલ મિનિસ્ટ્રી ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ કમ્યુનિટીસની સહાયતા મેળવીને, આ પ્રોજેક્ટ શહેરી આગેવાનો માટે તેઓ દ્વારા મહત્વના નિર્ણયો લેવા જરૂરી પ્રકારનો ડેટા પૂરો પાડે છે, પણ સમગ્ર કેનેડાના ત્રીસ શહેરો, અને દુનિયાભરના એકસો શહેરો સાથે મજબૂત, સંપૂર્ણ સરખામણીઓ કરતી વખતે, આંતરિક બેંચમાર્કિંગ પણ મજબૂત બનાવે છે. સ્થિરતા આયોજન મજબૂત કરવાથી માંડીને આબોહવામાં ફેરફારના હેતુઓ સિદ્ધ કરવા આર્થિક વિકાસ ચલિત કરવા, અને નિર્ણાયક રોકાણ નિર્ણયો જણાવવા, ડેટા ફોર કેનેડિયન સીટીસ પ્રોજેક્ટ દેશભરના મ્યુનિસિપલ નિર્ણાયકોને સ્માર્ટર, વધારે ટકાઉ, સ્થિતિસ્થાપક, સમૃદ્ધ અને સર્વગ્રાહી સમુદાયો બનાવવા જરૂરી અનિવાર્ય ડેટા આપે છે.

## અવતરણો (ક્વૉટ્સ):

"બ્રેમ્પટન એક સુસંચાલિત શહેર છે, અને અમે એક સર્વગ્રાહી સમુદાય બનાવી રહ્યાં છીએ જે સુરક્ષિત, કાયમી અને સફળ રહે. અમારા ISO 37120 પ્લેટિનમ-કક્ષા પ્રમાણિત 100 ઉપરાંત વૈશ્વિક ભાગીદારોના નેટવર્ક સાથે કામ કરીને, અમે ન કેવળ બ્રેમ્પટનવાસીઓ, પરંતુ સમગ્ર કેનેડાના લોકો માટે જીવનની ગુણવત્તા સુધારવા અમારા સ્થાનિક અનુભવો વહેંચીશું અને એકસરખા ડેટા-સંચાલિત શહેરો પાસેથી શીખીશું. મને આશ્ચર્યજનક રીતે ગૌરવ થાય છે કે બ્રેમ્પટનને આપણાં ડેટાના ઉચ્ચ પ્રમાણ માટે ઓળખ મળી છે, અને હું સ્માર્ટ, કાયમી અને સફળ સમુદાયો બનાવવા અન્ય WCCD પ્લેટિનમ-કક્ષાના શહેરો સાથે કામ કરવા આશાવાદી છું."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"ડેટા આપણાં રહેવાસીઓ માટે અસરકારક નિર્ણયો લેવા અનિવાર્ય છે, અને સહયોગ અને બેંચમાર્કિંગથી આપણે સુરક્ષિત, કાયમી અને સફળ શહેર બનાવવા આપણાં ભાગીદારો પાસેથી શીખવાનું ચાલુ રાખી શકીએ છીએ. એલિટ WCCD ગ્લોબલ નેટવર્કના ભાગ તરીકે, અમે બ્રેમ્પટનમાં જે જાણીએ છીએ, અને બ્રેમ્પટન અને સમગ્ર કેનેડાના લોકોનું જીવન સુધારવા અમારા ભાગીદારો પાસેથી શીખીએ છીએ તે વહેંચવાની તક અમારી પાસે રહેશે. અમને વર્લ્ડ કાઉન્સિલ ફોર સીટી ડેટાની માન્યતા મળવાનું ગૌરવ છે, અને અમે આ તકનો ઉપયોગ આપણાં ચડિયાતા સમુદાયમાં આપણી સ્થિરતા સુધારવાનું અને આર્થિક વિકાસ ચલિત કરવાનું ચાલુ રાખવા માટે કરીશું."

- *હરકિરત સિંઘ (Harkirat Singh), અધ્યક્ષ, કોર્પોરેટ સેવાઓ; સીટી કાઉન્સિલર, વોર્ડ્સ 9 અને 10, સીટી ઓફ બ્રેમ્પટન*

"સીટી ઓફ બ્રેમ્પટનમાં, અમે ડેટાથી ચલિત નિર્ણયો લઈને, મ્યુનિસિપલ મિલકતોનું અસરકારક રીતે સંચાલન કરીને અને આપણાં રહેવાસીઓનું જીવન સુધારવા સહયોગ અને હિમાયત માટે ભાગીદારીઓનો લાભ અપાવીને અમારી રોજિંદી સંચાલન કામગીરીઓ સુધારવા સતત પ્રયત્નશીલ રહીએ છીએ. આપણે ISO 37120 પ્લેટિનમ-કક્ષાનું સર્ટિફિકેશન મેળવીને બ્રેમ્પટને વૈશ્વિક આગેવાન બનવાનું ચાલુ રાખ્યું છે, જે આપણાં રહેવાસીઓ માટે સુસંચાલિત શહેર બનવાની કાઉન્સિલની અગ્રતાને આગળ ધપાવે છે."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

"વિશાળ અને નાના, બધાં સમુદાયોને આધુનિક જાહેર માળખાગત સગવડોનું આયોજન અને નિર્માણ કરવા સારા ડેટાની જરૂર છે. વૈશ્વિક ડેટા ધોરણોને પહોંચી વળવું નિર્ણાયક બને છે. ડેટા ફોર કેનેડિયન સીટીસ પાઈલોટ પ્રોજેક્ટ મારફતે, વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા સાથેની ભાગીદારીમાં, અમે બસ તે કરવા સમગ્ર કેનેડાના સંખ્યાબંધ સમુદાયોમાં મ્યુનિસિપલ આગેવાનોને મદદ કરી રહ્યાં છીએ. મને આનંદ છે કે બ્રેમ્પટનને મ્યુનિસિપલ ડેટા માટે ISO પ્રમાણ મળ્યું છે. આનાથી સીટીને ગુણવત્તાભર્યા ડેટા સાથે પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં મદદ મળશે અને પુરાવો ધ્યાનમાં રાખીને નિર્ણય કરવાના માર્ગદર્શનમાં મદદરૂપ થશે. કેનેડાનો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાન હજારો પ્રોજેક્ટ્સમાં રોકાણ કરે છે, દેશભરમાં રોજગારનું સર્જન કરે છે, અને વધારે મજબૂત સમુદાયોનું નિર્માણ કરે છે."

- *માનનીય કૅથેરિન મૅકેન્ના (Catherine McKenna), મિનિસ્ટર ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ કમ્યુનિટીસ*

"વર્લ્ડ કાઉન્સિલ ઓન સીટી ડેટા વતી, સીટી ઓફ બ્રેમ્પટનને WCCD નું ISO 37120 પ્લેટિનમ સર્ટિફિકેશન મળતા અભિનંદન આપવામાં મને ખુશી થાય છે. આ ઉપલબ્ધિ તમારા ઉત્કૃષ્ટ કર્મચારીઓના સમર્પણ અને પુરાવાને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવા કાઉન્સિલની કટિબદ્ધતાને પ્રતિબિંબિત કરતું પ્રમાણ દર્શાવે છે. સુધારેલી સર્વિસ વિતરણથી માંડીને આર્થિક વિકાસ, આયોજન અને માળખાગત સગવડોમાં રોકાણમાં લાગુ કરતા, શહેરનો ISO-પ્રમાણિત ડેટા બ્રેમ્પટનની વિકાસ માટેની શક્તિઓ અને તકોને દર્શાવે છે. મિનિસ્ટ્રી ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ કમ્યુનિટીસ અને મિનિસ્ટર મૅકેન્ના સાથેની આપણી ભાગીદારી મારફતે, અમે ડેટા ફોર કેનેડિયન સીટીસ પ્રોજેક્ટના બાકી રહેલા વર્ષ માટે, અને આગળ સીટી ઓફ બ્રેમ્પટન સાથે કામ કરવા આશાવાદી છીએ."

- *ડૉ. પેટ્રિશિયા મૅક્કાર્ની (Dr. Patricia McCarney), પ્રમુખ અને CEO, WCCD*

-30-

**કૅનેડાના સૌથી ઝડપથી વિકાસ પામતા શહેરો પૈકી એક હોવા સાથે બ્રૅમ્પટન 6,50,000 લોકોનું ઘર છે અને તેમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કરીએ છીએ તેનું હાર્દ લોકો છે. અમને અમારા વૈવિધ્યસભર સમુદાયોથી જોમ મળે છે, અમે નિવેશ આકર્ષીએ છીએ અને અમે એવા પ્રવાસનો આરંભ કરી રહ્યા છીએ જે ટેકનોલોજિકલ અને પર્યાવરણીય ઈનોવેશન તરફ દોરી જાય છે. અમે પ્રગતિની ભાગીદારી એક સ્વાસ્થ્યપ્રદ શહેર બનાવવા કરીએ છીએ જે સલામત હોય, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક**
ગુરવિંદર સિંઘ
સંકલનકર્તા, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
સ્ટ્રેટેજિક કમ્યુનિકેશન્સ
સિટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca